# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
**CIN: U40102GJ2003SGC042908;**
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૭/ક્વા-૦૨/૨૦૨૨-૨૩/ ૬૧૭૯-૨ તારીખ : ૧૨ - ૦૯ - ૨૦૨૨

રજી. એડી પત્ર

પ્રતિ,
સોમનાથ ટેકનોકાસ્ટ
પ્લોટ નં. ૨-૩, સર્વે નં. ૨૧૧/p૨, શ્રીજી ઇન્ડસ્ટ્રીયલ એરિયા,
મું. પો. : રાવકી, તા. : લોધિકા, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૦૪
મોબાઈલ : ૮૪૬૯૭૧૪૫૧૫

વિષય : અમારા નવા એચ.ટી. વીજજોડાણ માટેની અરજી અંગે.

સંદર્ભ: આપશ્રીની રજુઆત પત્ર નંબર : Nil, તા. ૧૩-૦૮-૨૦૨૨.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૦૭/ક્વા-૦૨/૨૦૨૨-૨૩ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ ગ્રામ્ય.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com
e-mail:forum.pgvcl@gebmail.com

**પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૦૭/ક્વા-૨/૨૨-૨૩/૬૨૧૯-૨** તા. ૧૨/૦૯/૨૨

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

**Case No.PG-૦૭/ક્વા-૨/૨૨-૨૩**

અરજદાર : સોમનાથ ટેકનોકાસ્ટ ગામ: રાવકી
પેટા વિભાગીય કચેરી : લોધિકા
રજૂઆત કરનાર : અરજદારશ્રી વતી તેના પ્રતિનિધિ તરીકે શ્રી સાવન કે. કેલા હાજર હેલ છે.

**:: વિરુધ્ધ ::**

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. ગ્રામ્ય વિભાગીય કચેરી – રાજકોટ
રજૂઆત કરનાર : શ્રી જી. એચ. પટેલ કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ., ગ્રામ્ય વિભાગીય કચેરી – રાજકોટ હાજર રહેલ છે.

**:: કોરમ ::**

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા
૨) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી
૩) સભ્ય (ટેકનીકલ) - શ્રી એન.જી. કારીયા

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ : ૦૨.૦૯.૨૦૨૨ (શુક્રવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૨.૦૯.૨૦૨૨ (શુક્રવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદાર રજુઆતમાં જણાવે છે કે તેઓ દ્વારા સોમનાથ ટેકનોકાસ્ટના નામે લોધિકા તાલુકાના રાવકી મુકામે સર્વે નં.૨૧૧ માં શ્રીજી ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં પ્લોટ નં. ૨ અને પ્લોટ નં. ૩ માં ૩૦૦ કેવીએના વીજ્જોડાણ માટે તા.૧૫.૦૬.૨૦૨૨ ના રોજ અરજી કરેલ છે. અરજીને સંલગ્ન તમામ દસ્તાવેજોની પ્રમાણિત નકલો સામેલ કરેલ છે. સદર વીજ્જોડાણ ગ્રામ્ય વિભાગ, રાજકોટ હેઠળ આવે છે.

૨.૧ ઉપરોક્ત અરજીના અનુસંધાને કાર્યપાલક ઇજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ દ્વારા તા.૨૮.૦૬.૨૦૨૨ ના રોજ સ્થળ તપાસ કરેલ. ગ્રાહક અધિકારપત્ર મુજબ નવા વીજજોડાણ માટેની અરજીથી ૧૫ દિવસમાં અંદાજપત્ર આપવો જરૂરી છે, જેને એક અથવા બીજી રીતે ટાળવા કાર્યપાલક ઇજનેર ૧૩ મા દિવસે સ્થળ તપાસ કરવા આવેલ. સદરહુ કહેવાતી સ્થળ તપાસના પરીણામ સ્વરૂપે તેઓ દ્વારા તેઓના પત્ર નં.પીજીવીસીએલ/આરઆરડી/૭૨૪૪, તા.૦૨.૦૭.૨૦૨૨ થી જણાવેલ કે અરજદાર દ્વારા પ્લોટ નં. ૨ અને

પ્લોટ નં. ૩ માં વીજજોડાણની માંગણી કરેલ છે, પરંતુ સ્થળ પર સોસાયટીના કોમન પ્લોટ અને પ્લોટ નં. ૧ માં કે જે અરજદારની જગ્યાની બાજુમાં જ આવેલ છે તેમાં અનઅધિકૃત બાંધકામ થયેલ છે તે નોંધ્યું અને તે દુર કરવા જણાવેલ અને વધુમાં જણાવેલ કે કોઇપણ વાહન કોમન પ્લોટમાંથી સળંગ નીકળી જવું જોઈએ.

૨.૨ અરજદાર વધુમાં જણાવે છે કે તેઓની નવા વીજજોડાણની માંગણી પ્લોટ નં. ૨ અને પ્લોટ નં. ૩ માં છે, તો સંલગ્ન અધિકારી દ્વારા શા માટે સોસાયટીના કોમન પ્લોટ અને પ્લોટ નં. ૧ વિશે સુચના આપવામાં આવી તે અરજદારની સમજની બહાર છે તેમ છતાં અરજદાર દ્વારા તા.૧૦.૦૮.૨૦૨૨ ના રોજ સદરહુ પત્રનો પ્રત્યુતર પાઠવેલ છે. વધુમાં સંલગ્ન કચેરી દ્વારા પત્ર મારફત સરપંચશ્રી, રાવકી ગ્રામ પંચાયતને પણ પાઠવી બિનઅધિકૃત બાંધકામ દુર કરાવવા જણાવેલ. જેને લીધે અરજદારને સ્થાનિક સ્તરે સંઘર્ષ ઉભો થવાની શક્યતાઓ છે.

૨.૩ પીજીવીસીએલના અધિકારીઓ કાયમ વધુ કાર્યબોજની ફરિયાદ કરે છે જયારે અરજદારના વિષયમાં તેઓ દ્વારા જે કામ તેના કાર્યક્ષેત્રમાં નથી તેને પણ હાથ પર લીધેલ છે. વિશેષમાં તેઓ જણાવે છે કે તેઓ સોમનાથ ટેકનોકાસ્ટના પાર્ટનરો બેકાર ઇજનેરો છે અને સરકારશ્રીના ઈઝ ઓફ ડુઈંગ બીઝનેસના અભિગમ હેઠળ સાહસ કરે છે અને તેઓને અગમ્ય કારણોસર નાસીપાસ કરવાની પ્રવૃત્તિ કરવામાં આવી રહી હોય અરજદાર દ્વારા વહેલી તકે વીજજોડાણ અપાવવા માટે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની ફરિયાદ અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ છે કે મેં. સોમનાથ ટેક્નોકાસ્ટ દ્વારા સર્વે નંબર ૨૧૧/પૈકી૨ ના પ્લોટ નંબર ૧,૨,૩, શ્રીજી ઇન્ડસ્ટ્રીયલ એરિયા મુ.રાવકી, તા.લોધિકા ખાતે નવા ૩૦૦ કેવીએ એચ.ટી. વીજજોડાણ માટે તારીખ ૨૫.૦૪.૨૦૨૨ ના રોજ અરજી કરેલ હતી. વિભાગીય કચેરી દ્વારા અરજદારની માંગણી વાળા સ્થળનું નિરીક્ષણ કરતા તેઓ દ્વારા પ્લોટ નંબર ૧,૨,૩ ને સંલગ્ન કોમન પ્લોટમાં બાંધકામ કરેલ હોઈ તે દુર કરી વિભાગીય કચેરીએ જાણ કરવા જણાવેલ હતું. જેનો અરજદાર દ્વારા કોઈ જાતનો પ્રત્યુતર આવેલ નથી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot

૩.૧ ત્યારબાદ અરજદાર દ્વારા તારીખ ૧૫.૦૬.૨૦૨૨ ના રોજ ઉપરોક્ત સરનામાં વાળી જગ્યાએ સર્વે નંબર ૨૧૧/પૈકી ૨ માં માત્ર પ્લોટ નંબર ૨,૩ માટે નવું ફોર્મ ભરી તથા નોટરાઈઝ ડોક્યુમેન્ટમાં વાઈટનર મારી ફરીથી અરજી કરેલ હતી. જે અનુસંધાને અત્રેની કચેરી દ્વારા ફરીથી સ્થળ સર્વેક્ષણ કરતા તેઓએ પ્લોટ નંબર-૦૨ ને સંલગ્ન કોમન પ્લોટનું બાંધકામ આંશિક દુર કરેલ હતું.

૩.૨ આમ અરજદાર દ્વારા તેઓના પ્લોટ નંબર-૦૨ ને સંલગ્ન કોમન પ્લોટનું બાંધકામ સંપૂર્ણ દુર કરેલ ન હોઈ તથા તેઓ દ્વારા આપવામાં આવેલ નોટરીમાં વાઈટનર મારેલ હોઈ અત્રેની કચેરી દ્વારા ઉપરોક્ત બાબતનું નિરાકરણ કરવા અરજદારને વિભાગીય કચેરી દ્વારા પત્ર નંબર ૭૨૪૪ તા.૦૨.૦૭.૨૦૨૨ થી પત્ર લખેલ હતો. આમ અરજદાર દ્વારા નિયમ મુજબ બિનઅધિકૃત બાંધકામ દુર કરવા નવી નોટરી કરેલ બાંહેધરી આપ્યા બાદ અત્રેની કચેરી દ્વારા ફરીથી સર્વેક્ષણ કરી અરજદારના નવા વીજજોડાણ અંગેની કાર્યવાહી કરવામાં આવશે.

## ::હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારની રજૂઆત મુજબ તેઓ દ્વારા સોમનાથ ટેક્નોકાસ્ટના નામે લોધિકા તાલુકાના રાવકી મુકામે સર્વે નં.૨૧૧ માં શ્રીજી ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં પ્લોટ નં. ૨ અને પ્લોટ નં. ૩ માં ૩૦૦ કેવીએના વીજજોડાણ માટે તા.૧૫.૦૬.૨૦૨૨ ના રોજ જરૂરી દસ્તાવેજીક પેપર્સ સાથે અરજી કરેલ છે, જેની સ્થળ તપાસ તા.૨૮.૦૬.૨૦૨૨ ના રોજ કરાયેલ હતી. વિભાગીય કચેરીના પત્ર નં - ૭૨૪૪, તા.૦૨.૦૭.૨૦૨૨ થી જણાવેલ કે અરજદાર દ્વારા પ્લોટ નં. ૨ અને પ્લોટ નં. ૩ માં વીજજોડાણની માંગણી કરેલ છે, પરંતુ સ્થળ પર સોસાયટીના કોમન પ્લોટ અને પ્લોટ નં. ૧ કે જે અરજદારની જગ્યાની બાજુમાં જ આવેલ છે તેમાં બિનઅધિકૃત બાંધકામ થયેલ છે તે દુર કરવા જણાવેલ અને વધુમાં જણાવેલ કે કોઇપણ વાહન કોમન પ્લોટમાંથી સળંગ નીકળી જવું જોઈએ. સદર બાબતે અરજદારે વિરોધ દર્શાવેલ છે.

૪.૨ પીજીવીસીએલ પક્ષકાર ની રજૂઆત મુજબ, અરજદાર દ્વારા તા.લોધિકા મુ.રાવકી, શ્રીજી ઇન્ડસ્ટ્રીયલ એરિયા ખાતે મેં. સોમનાથ ટેક્નોકાસ્ટ દ્વારા સર્વે નંબર ૨૧૧/પૈકી૨ ના પ્લોટ નંબર ૧,૨,૩ માં નવા ૩૦૦ કેવીએ એચ.ટી. વીજજોડાણ માટે તારીખ ૨૫.૦૪.૨૦૨૨ ના રોજ અરજી કરેલ હતી. વિભાગીય કચેરી દ્વારા અરજદારની માંગણીવાળા સ્થળનું નિરીક્ષણ કરતા તેઓ દ્વારા પ્લોટ નંબર ૧,૨,૩ ને સંલગ્ન કોમન પ્લોટમાં બાંધકામ કરેલ હોઈ તે દુર કરી વિભાગીય કચેરીએ જાણ કરવા જણાવેલ હતું. જેનો અરજદાર દ્વારા કોઈ જાતનો પ્રત્યુતર આવેલ નથી.

૪.૩ ત્યારબાદ અરજદાર દ્વારા તારીખ ૧૫.૦૬.૨૦૨૨ ના રોજ સદર જગ્યાએ સર્વે નંબર ૨૧૧/પૈકી ૨ માં માત્ર પ્લોટ નંબર ૨,૩ માટે નવું ફોર્મ ભરી તથા નોટરીમાં વાઈટનર મારી ફરીથી અરજી કરેલ હતી. અરજદારની સદર અરજીના અનુસંધાને વિભાગીય કચેરી દ્વારા ફરીથી સ્થળ સર્વેક્ષણ કરતા તેઓએ પ્લોટ નંબર-૦૨ ને સંલગ્ન કોમન પ્લોટનું બાંધકામ આંશિક દુર કરેલ હતું. આમ અરજદાર દ્વારા તેઓના પ્લોટ નંબર-૦૨ ને સંલગ્ન કોમન પ્લોટનું બાંધકામ સંપૂર્ણ દુર કરેલ ન હોઈ તથા તેઓ દ્વારા આપવામાં આવેલ નોટરીમાં વાઈટનર મારેલ છે જે અન્વયે વિભાગીય કચેરી દ્વારા પત્ર નંબર ૭૨૪૪ તા.૦૨.૦૭.૨૦૨૨ થી જણાવેલ છે કે અરજદારના પ્લોટનં - ૨ નું બાંધકામ કોમન પ્લોટ સહીત પ્લોટ નં - ૧ ના બાંધકામ સાથે જોડાયેલ છે, જે બિન અધિકૃત બાંધકામ સંપૂર્ણ દુર કરવાની સુચના આપવામાં આવેલ હોવા છતાં દુર કરાયેલ નથી. તેમજ નોટરાઈઝ નકલોમાં જે વાઈટનર મારેલ છે, અને જ્યાં સુધારો કરેલ છે ત્યાં અધિકૃત વ્યક્તિના સહી સિક્કા કરાવવા, તેમજ સદર ક્ષતિઓ દિવસ-૦૭ માં દુર કરી અત્રેની કચેરીને લેખિતમાં જવાબ રજુ કરવો, અન્યથા અરજદારની અરજી રદ કરવામાં આવશે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૪ પીજીવીસીએલ પક્ષકારની લેખિત રજૂઆત તા.૩૦.૦૮.૨૦૨૨ મુજબ ઉપરોક્ત વિગતે અરજદાર દ્વારા બિનઅધિકૃત બાંધકામ દુર કરવા તથા નવી નોટરી બાહેંધરી આપ્યા બાદ ફરીથી સર્વેક્ષણ કરી અરજદારના નવા વીજજોડાણ અંગેની કાર્યવાહી કરવામાં આવશે, જેની નકલ અરજદારને પાઠવેલ છે.

૪.૫ નામદાર જીઈઆરસીના સપ્લાયકોડ નોટીફીકેશન નં. ૦૪ / ૨૦૧૫ ના મુદ્દા નં ૪.૨૮ માં કરાયેલ જોગવાઈ મુજબ "વિતરણ પરવાનેદાર, એક જગ્યા માટે અથવા તે જ માલિકના અડીને આવેલ/બાજુની જગ્યામાં કે જે જાહેર માર્ગ કે ખાનગી જગ્યાથી અલગ પડતાં ન હોય તો એક જોડાણ કરતાં વધુ જોડાણ આપશે નહીં. બીજા જોડાણ માટે માંગણી કરતાં ગ્રાહકોએ, આવકવેરા નંબર/વેચાણવેરા નંબર, રેશન કાર્ડ અને ભાડું અથવા પટ્ટા કરાર જેવાં અલગ કાયદાકીય દસ્તાવેજો રજૂ કરવાનાં રહેશે." વધુમાં નવું એચ.ટી. વીજજોડાણ માટેના એ-૨ ફોર્મમાં જણાવેલ જરૂરી ડોક્યુમેન્ટ્સ ક્રમ નં - ૨ માં નીચે મુજબ ઉલ્લેખ કરેલ છે.

"A map indicating the proposed location of the plant/office and the point where supply is required. The map should also clearly show all the boundary of the premises, the public road/s (with name/s of the road/s) inside and outside of the premises/ land, roads, lands, roads belonging to outside agency innerving the premises, if any."

૪.૬ સદર કેસમાં ઉપરોક્ત વિગતોનો અભ્યાસ કરતા સ્પષ્ટ થાય છે કે અરજદારની ફરિયાદ અને પીજીવીસીએલ પક્ષકારની રજૂઆત મુજબ અરજદાર દ્વારા નવા એચ.ટી. વીજજોડાણની અરજીમાં કરાયેલ જગ્યાના ઉલ્લેખ મુજબ સ્પષ્ટ આધાર-પુરાવા તેમજ ઉપરોક્ત મુદ્દા નં ૪.૩ માં જણાવેલ જોગવાઈ મુજબની ક્ષતિપૂર્તિ દિવસ- ૧૦ માં અરજદારે કરવાની રહેશે અન્યથા, પીજીવીસીએલ પક્ષકાર દ્વારા આગળની નિયમાધીન કાર્યવાહી કરવાની રહેશે, સદર બાબતની સુચના બન્ને પક્ષકારોને આપવામાં આવે છે.

૪.૭ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૬ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે, કરેલ કાર્યવાહીનો વિગતવાર રીપોર્ટ અત્રેના ફોરમને દિવસ- ૨૦ માં પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૮ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

(એન.એચ.જોષી)
સભ્ય (સ્વતંત્ર)

(એન.જી.કારીયા)
સભ્ય (ટેકનીકલ)

(એન.સી.મકવાણા)
ચેરપર્સન

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામુંઃ જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનક રોડ, ત્રિકોણ બાગ, રાજકોટ – ૩૬૦૦૦૧.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot